# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES


Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.


**No.** : ACPC/ADM-11/1054
**Date** : 12-10-2011

પ્રતિ,
આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,
સ્વનિર્ભર ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી તેમજ ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ.

**વિષય :** સ્વનિર્ભર ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી તેમજ ડિગ્રી ઈજનેરી સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.

**સંદર્ભ :** (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/10/2010/PVS-102008-631-S તા. ૨૦-૪-૨૦૧૦ અને તેનાં વખતોવખતનાં સુધારાઓ

(૨) શિ. વિ., ગુ. સ.નાં જાહેરનામા ક્રમાંક : GH/SH/39/2011/PVS/102011/335/S તા. ૩-૮-૨૦૧૧

(૩) શિ. વિ., ગુ. સ.નાં જાહેરનામા ક્રમાંક : GH/SH/49/2011/PVS/102011/335/S તા. ૧૩-૯-૨૦૧૧

(૪) શિ. વિ., ગુ. સ.નાં જાહેરનામા ક્રમાંક : GH/SH/52/2011/PVS/102011/1313/S તા. ૧૦-૧૦-૨૦૧૧

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજયમાં આવેલી ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો તેમજ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં ખાલી રહેલી જગ્યાઓ ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો અને સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) નિયમ-૨૦૦૮નાં નિયમ-૨૧ મુજબ ભરવાની થાય છે. સંદર્ભિત જાહેરનામા(૪) અન્વયે રાજયમાં આવેલી ડિગ્રી ઈજનેરી તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં ગુજકેટ નહીં આપેલા, લઘુત્તમ લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રવેશ લાયક ગણવામાં આવેલ છે. આથી, સંદર્ભ (૪) અન્વયે તા. ૧૭-૧૦-૨૦૧૧ સુધીમાં નીચે મુજબની કાર્યરીતિને અનુસરી ફાઈલો પ્રમાણિત કરાવવા (Submission of Files for endorsement) રજૂ કરવાની રહેશે.

**ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં ઉમેદવારોથી ભરવાની રહેશે :**

(૧) સંદર્ભ-૪ અન્વયે દર્શાવેલ જાહેરનામા અન્વયે લઘુત્તમ લાયકાત ધરાવતા ગુજસેટ નહીં આપેલા તમામ ઉમેદવારો.

(૨) ડિપ્લોમા ઈજનેરી ઉત્તિર્ણ કરેલ ઉમેદવારો દ્વારા ખાલી રહેલી બેઠકો ભરવાની રહેશે. જેના માટે નીચેની કાર્યરીતિનો અમલ કરવાનો રહેશે :

(અ) ડિપ્લોમા ઉત્તિર્ણ કરેલ ઉમેદવારોનું સામાન્ય મેરીટ બનાવવાનું રહેશે. (ગુજરાતમાંથી ડિપ્લોમા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે)

(બ) **શૈક્ષણિક લાયકાત** તથા **મેરીટ** બનાવવા માટે ડિપ્લોમા ઈજનેરી થી ડિગ્રી ઈજનેરીનાં ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/24/2008/PVS-102008-634-S તા. ૧૯-૭-૨૦૦૮ અને તેનાં વખતોવખતનાં સુધારાઓ અનુસાર સામાન્ય મેરીટ યાદી બનાવી કાર્યવાહી કરવાની રહેશે. (**નોંધ :** AICTE, નવી દિલ્હી દ્વારા જાહેરનામા ક્રમાંક : 1-MS/AICTE/2011 અન્વયે ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં લઘુત્તમ પ્રવેશ લાયકાતમાં ઘટાડો કરવામાં આવેલ છે. જે મુજબ ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે **ડિપ્લોમા ધારક ઓછામાં ઓછા ૪૫% (૪૦% અનામત કક્ષા માટે) ધરાવતા હોય** તેમ નિર્ધારિત કરવામાં આવેલ છે.)

(ક) STPI ને ટકાવારીમાં રૂપાંતરીત કરવા માટે જરૂરી Excel Sheet ACPCની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરવામાં આવે તે બાબતની જવાબદારી જે-તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

**(મેમ્બર સેક્રેટરી)**